# સેક્ટર-૩૦ છ-ટાઈપના સરકારી મકાનમાંથી ત્રણ સટ્ટોડીયા પકડાયા

## આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા હતા : રૂ. ૩૨ હજારનો મુદ્દામાલ જપ્ત : વર્લ્ડકપમાં પણ મોટો સટ્ટો રમાડ્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ છ-ટાઈપ સરકારી મકાનમાં આઈ.પી.એલ. ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગઈ મોડી સાંજે સે. ૨૧ પોલીસે દરોડો પાડી ત્રણ સટ્ટોડીયાઓને ઝડપી પાડ્યા છે. લેપટોપ, ૯ મોબાઈલો, ટીવી તથા રોકડ મળી કુલ ૩૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે તપાસ શરૂ કરી છે. આઈપીએલ ગઈકાલથી શરૂ થઈ અને ગઈકાલે પોલીસે દરોડો પાડ્યો... પરંતુ તે મકાનમાં કોલ્ડડ્રીંક્સની ૫૦ જેટલી ખાલી બોટલો પડેલી હતી. એ ઉપરાંત મકાનની સ્થિતિ જોતા અગાઉની વર્લ્ડકપ મેચમાં પણ સટ્ટો રમાડાયો હોવાની આશંકા છે.

સેક્ટર-૨૧ પી.આઈ. બી.એ. ચાવડા તથા તેમની ટીમે બાતમીને આધારે ગઈ મોડી સાંજે નવેક વાગ્યાના અરસામાં સે. ૩૦ છ-ટાઈપ બ્લોક નં. ૨૮/૧માં દરોડો પાડ્યો હતો. મકાનમાંથી કોલકત્તા-મુંબઈ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહેલા ત્રણ સટ્ટોડીયાઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ૯ મોબાઈલ, લેપટોપ, ટીવી તથા રોકડ રૂ. ૧૪૧૦ મળી કુલ રૂ. ૩૨,૪૧૦ના મુદ્દામાલ સાથે પોલીસે સે. ૨૪માં રહેતા મનીષ શંભાજી સિંઘ, સે. ૨૪ પીળા પટ્ટામાં રહેતા અક્ષય મનુ પટેલ અને આદર્શનગરમાં રહેતા ગૌતમ ઉગમસિંહ ચૌહાણ મળી ત્રણની ધરપકડ કરી એક ચોપડો પણ જપ્ત કર્યો છે. ખાલી કોલ્ડડ્રિંગ્સની બોટલોનો ઢગલો જોતા અહી અગાઉ પણ મેચ પર સટ્ટા રમાયા હોવાની શક્યતા છે. આ મકાન કોઈ પોલીસ કર્મચારીને મળેલુ હોવાનું તથા આ લોકોએ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે તેનો ઉપયોગ કરવા મકાનની ચાવી રાખી હોવાનું જાણવા મળી રહ્યું છે. તે અંગે પણ પોલીસે તપાસ શરૂ કરી છે.



નહેરૂ યુવા કેન્દ્રના ઉપક્રમે આજોલ ગામે સ્થાપિત સંસ્કારતીર્થ ખાતે 'સ્કીલ ડેવલપમેન્ટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત સનદી અધિકારી આઈ. એ. વોરા, નહેરૂ યુવા કેન્દ્રના યુથ કોર્ડીનેટર રજનીકાંત સુથારે હાજર વિદ્યાર્થીઓને સ્કીલ ડેવલપમેન્ટ વિષયક માહિતી આપી હતી. સંસ્થાના અધ્યક્ષ યોગીનીબેન મજમુદારે સંસ્થાનો પરિચય સર્વે કાર્યશૈલી વિશે માહિતી આપી. (તસવીર : કશ્યપ નીમાવત)

# સે-૨૧ જીમખાના પાસેથી દારૂની બોટલો ભરીને જતી ગાડી ઝડપાઈ

## ૧૭ બોટલ જેની ગાડીમાંથી મળી તેના ઘરે જઈ પોલીસે તપાસ કરતાં વધુ બે બોટલ અને ૬.૮૭ લાખ રોકડા મળ્યા : ૭.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સે-૨૧ જીમખાના પાસેથી પસાર થઈ રહેલી ઈન્ડીગો ગાડીનું સે-૨૧ પોલીસે ચેકીંગ કરતાં તેમાંથી ૧૭ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. ગાડી લઈને તાં શખ્સના ઘરે તપાસ કરતા વધુ બે બોટલ અને રોકડા રૂ. ૬.૮૭ લાખ મળી આવ્યા હતાં. પોલીસે કુલ રૂ. ૭.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપીની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

સે-૨૧ પી.આઈ. બી.એ. ચાવડાની ટીમે ગત મોડી સાંજે બાતમીનો આધારે સે-૨૧ સચિવાલય જીમખાના રોડ પર ચેકીંગ શરુ કર્યું હતું. બાતમી વાળી જીજે-૬-એ.એચ. ૮૧૦૧ ઈન્ડીગો ગાડી ત્યાંથી પસાર થતાં ઉભી રખાવી ગાડીનું ચેકીંગ કર્યું હતું. ગાડીમાંથી રૂ. હજારની કિંમતની ૧૭ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવતા પોલીસે દારૂ, મોબાઈલ અને ગાડી મળી કુલ રૂ. ૧,૦૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કરણસિંહ મુફતીયારસિંહ ચૌધરી નામના શખ્સની ધરપકડ કરી લીધી હતી. કરણસિંહની પુછપરછ બાદ તેના ઘરે તપાસણી કરતાં વધુ બે બોટલ અને રૂ. ૬,૮૭,૦૦૦ રોકડા ઘરેથી મળી આવ્યા હતાં. પોલીસે વધુ બે બોટલ અને કેસ પણ કબ્જે લઈ કુલ રૂ. ૭,૯૫,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કરણસિંહ નામના શખ્સની ધરપકડ કરી પુછપરછ આરંભી છે.

# બોટલો સાથે પકડાઈ જવાના ડરે એક નિર્દોષ યુવાનનો જીવ લીધો..!

## ઈન્ડીગોમાં ૧૫ બોટલ ભરીને બેફામ સ્પીડે જતા શખ્સે પાલજ-બાસણ રોડ પર પેંડલ લારીને અડફેટે લઈ લેતા યુવાનનું મૃત્યુ થયુ : ગાડી અને દારૂ જપ્ત : ડ્રાઈવર ફરાર

ગાંધીનગર, તા. ૯

ગાડીમાં લઈ જવાઈ રહેલી દારૂની બોટલો સાથે પોલીસ પકડી ન પાડે તે માટે બેફામ સ્પીડે ઈન્ડીગો ગાડી લઈને ગાંધીનગર નજીકના બાસણ-પાલજ રોડ પરથી ડ્રાઈવર નીકળ્યો હતો અને રસ્તામાં એક પેંડલ લારી લઈને જતાં નિર્દોષ યુવાનને અડફેટે લઈ લીધો હતો. આ અકસ્માતમાં યુવાનનું ગંભીર ઈજાઓને કારણે કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે દારૂની ૧૫ બોટલો તથા ગાડી જપ્ત કરી ફરાર ડ્રાઈવરની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

વલાદ પોલીસ ચોકી પાછળના વિસ્તારમાં રહેતા જશુભાઈ શંકરભાઈ દંતાણીનો યુવાન ભાણો વિક્રમ મહેન્દ્રભાઈ દંતાણી ગઈ સાંજે પાલજ-બાસણ રોડ પર પોતાની પેંડલ લારી લઈને જઈ રહ્યો હતો ત્યારે ધસમસતી આવેલી એક ઈન્ડીગો ગાડી નં. જીજે-૧-આર.એ.-૧૯૧૬ પેંડલ લારીને જબરજસ્ત ટક્કર મારી દીધી હતી. જેમાં પેંડલ લારી ચાલક યુવાન વિક્રમ દંતાણીનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસને જાણ કરતાં ટીમ ઘટનાસ્થળે આવી અને તપાસ કરી તો ગાડીમાંથી ૧૫ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. બોટલો સાથે પકડાઈ જવાના ડરે એક નિર્દોષ યુવાનનો જીવ લેવાઈ ગયાની ઘટના બની હતી. દારૂ સાથે ડ્રાઈવર પકડાઈ ન જાય તે માટે બેફામ સ્પીડે ગાડી ચલાવતો હતો ને રસ્તામાં પેંડલ લારી ચલાવતો યુવાન ઝપટે ચઢી ગયો હતો. આરોપી ડ્રાઈવર ગાડી મુકીને રફુચક્કર થઈ ગયો છે. ચિલોડા પોલીસે દારૂની બોટલો અને ગાડી જપ્ત કરીને ફરાર ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

# કોબાની ટીપી સ્કીમમાં માળખાગત સુવિધા ઉપલબ્ધ કરવા ખેડૂતોની રજૂઆત

ગાંધીનગર, તા.૯

કોબા ગામમાં તા. ૫મી એપ્રિલે રામજી મંદિરની ધર્મશાળામાં ગ્રામજનો ખેડૂતોની એક મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે અને દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ગ્રામજનો-ખેડૂતો વતી કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી દ્વારા મોડેલ ટીપી સ્કીમના રોડ રસ્તા તથા ગટરલાઈન અને પીવાના પાણીની સુવિધા તથા સ્ટ્રીટ લાઈટ વગેરે માળખાગત સુવિધાઓના વિકાસ માટે રજૂઆત કરવામાં આવી હતી.

મીટીંગમાં કોબા ટીપી સ્કીમ નં. ૧, ૨, ૩ તથા ૨૦ અને ૨ના જમીન માલિકો ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં માળખાગત સુવિધાઓ ઉપરાંત ખેડૂતોની ફાઈનલ પ્લોટો અંગેની રજૂઆતો ધ્યાને લઈ ન્યાય અપાવવા રજૂઆત કરાઈ હતી. ગ્રામજનો વતી કોબાના સરપંચ યોગેશભાઈ નાયીએ પરસ્પર વિકાસની દિશામાં સહયોગની ખાત્રી આપી હતી અને કોબાને આદર્શ ગામ તરીકે વિકાસ પામે તેવી લાગણી વ્યકત કરી હતી. ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ તમામ માળખાગત સુવિધાઓ પુરી પાડવા ખાત્રી આપી હતી. ધારાસભ્ય શંભુજી ઠાકોરે ખેડૂતોના પ્રશ્નો ઝડપથી ઉકેલવાની દિશામાં પ્રકાશ પાડયો હતો. આ બેઠકમાં આઈ.બી.વાઘેલા, રાજુભાઈ પટેલ સહિત સંગઠનના કાર્યકરો તેમજ રાયસણ ગામના પ્રમુખભાઈ પટેલ વગેર જમીન માલિકો ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી ઉપરાંત ઉપસરપંચ લક્ષ્મણભાઈ પટેલ, માજી સરપંચ ગાંડાભાઈ પટેલ, ચિમનભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, વાસુભાઈ પટેલ, બેચરભાઈ પટેલ અને ભીખાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. દશરથભાઈ પટેલે આભારવિધિ રજૂ કરી હતી.

## બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ વરાયા

ગાંધીનગર, તા. ૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખની કારોબારી તાજેતરમાં મળી હતી. જેમાં સર્વાનુમતે ચંદ્રીકાબેન રાવલનું પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.

## ઉનાવામાં વરલી મટકાનો જુગાર રમાડતો એક ઝડપાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક સ્થિત ઉનાવા ગામની ભાગોળમાં એક શખ્સ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે ગઈ સાંજે પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે દરોડો પાડી એક શખ્સને ઝડપી પાડ્યો હતો. ઉનાવા ગામમાં જ રહેતા કનુ જવાનજી ઠાકોર નામના શખ્સને વરલીની ચિઠ્ઠીઓ તથા રોકડ રૂ. ૧૨ હજાર સાથે પેથાપુર પોલીસે પકડી પાડીને તેની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

# માણસા પેન્શનર્સની સાધારણ સભા મળશે

ગાંધીનગર, તા. ૯

માણસા તાલુકા પેન્શનર એસોસિએશનની ૨૯મી વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવશે. સભામાં સ્વર્ગસ્થ પેન્શનર્સ ભાઈ બહેનોને શ્રદ્ધાંજલિ આપવામાં તેમજ ૬૫ વર્ષ પૂર્ણ કરેલ પેન્શનર્સનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે.

માણસા તાલુકા પેન્શનર સમાજની ૨૯મી સાધારણ સભા આગામી ૧૨ એપ્રિલ રવિવાર, સવારે ૮.૩૦ કલાકે ગાંધીનગર માણસા હાઈવે સ્થિત અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ખાતે યોજાશે. સાધારણ સભામાં સમારંભના પ્રમુખ તરીકે પંકજભાઈ પટેલ, ચેરમેન, માણસા તા. ખ.વે. સંઘ. અને મુખ્ય મહેમાન તરીકે રઘુવીર ચૌધરી-સાહિત્યકાર ઉપસ્થિત રહેશે. સભામાં નવા પ્રમુખની વરણી અને નવી કારોબારીની નિયુક્તિ કરવામાં આવશે. તેમજ જે પેન્શનર્સ સભ્યોએ ૬૫ વર્ષ પૂર્ણ કર્યા છે તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે. સાધારણ સભામાં સર્વે સભ્યોને સજોડે પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## શહેરમાં પ્રથમ જૈન જીવનસાથી પરિચય મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૯

જૈન સોશ્યલ ગ્રૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન, ગુજરાત રીજીયન દ્વારા પ્રથમ જૈન જીવનસાથી પરિચય મેળો સગપણ સેતુ-૨૦૧૫ યોજવામાં આવશે. પરિચયમેળો આગામી ૧૪ જૂન, ૨૦૧૫ના રોજ સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. સમગ્ર જૈન સમાજના બધાજ ફિરકાઓના લગ્નોત્સુક યુવક-યુવતિઓએ પ્રવેશ ફોર્મ સેક્ટર-૨૧ સ્થિત પી. મનુભાઈ મેડીકલ સ્ટોર્સ અને આર.ડી. ગાંધી પાસેથી મેળવી તા. ૧૪ મે, સુધી જમા કરાવવા જણાવ્યુ છે.

# કારના કાચ તોડી રૂ. ૬૭ હજારની મત્તા ચોરી જનાર શખ્સ પકડાયો

## બોડકદેવનો યુવાન મિત્રો સાથે ભાટ નદીમાં ન્વાહા પડ્યો હતો ત્યારે પથ્થરથી ગાડીના કાચ ફોડી ચોરી કરી હોવાની કબુલાત

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર ભાટ ગામ પાસેથી પસાર થતી નદીના પટ પાસે પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી અંદરથી ચાર મોબાઈલો, રોકડ તથા અન્ય દસ્તાવેજો મળી રૂ. ૬૭ હજારની મત્તાની ચોરી એક મહિના પહેલા થવા પામી હતી. આ ચોરી કરનાર છારાનગરનો શખ્સ ગાંધીનગર એલસીબીની તેમના સકંજામાં આવી ગયો છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી ચોરાયેલા ચાર મોબાઈલો પૈકી બે મોબાઈલ રીકવર પણ કરી લીધા છે. વધુ તપાસ માટે ઈન્ફોસીટી પોલીસને આરોપી સોંપી દેવામાં આવ્યો છે.

અમદાવાદ બોડકદેવ વિસ્તારમાં રહેતા નીનોદભાઈ રશ્મીકાંતભાઈ મહેતા તેમના મિત્રો સાથે ગાડી લઈને એક મહીના પહેલા ગાંધીનગર નજીક ભાટ સાબરમતી નદીમાં ન્હાવા પડ્યા હતા. તે દરમ્યાન



નદીના પટ પાસે પાર્ક કરેલી તેમની કારનો કાચ ફોડીને કોઈ શખ્સો ચાર મોબાઈલો, રોકડ રૂપિયા તથા અન્ય દસ્તાવેજોની ચોરી થઈ જવા પામી હતી. ૬ માર્ચે બનેલી આ ઘટનાની ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમે આ અંગે તપાસ શરૂ કરતા પો.કો. કેતનકુમારને બાતમી મળી હતી કે કુબેરનગર છારાનગર વિસ્તારનો નકુલ રાજુ તમંચે આ ચોરીમાં સંડોવાયેલો છે. જેની આધારે તેના ઘરે જઈ નકુલ તમંચેને પકડી લઈ ઘરની જડતી લેતા ગાડીમાંથી ચોરાયેલા ચાર મોબાઈલો પૈકી બે મોબાઈલો તેના ઘરેથી મળી આવતા બંને મોબાઈલ રીકવર કરી આરોપીની ધરપકડ કરી લીધી હતી. આરોપીએ પથ્થર વડે ગાડીનો કાચ ફોડીને ચોરી કરી હોવાની કબુલાતપણ કરી લીધી છે. એલસીબીએ આરોપીને વધુ પુછપરછ માટે ઈન્ફોસીટી પોલીસને સોંપી દીધો છે.

# કર્મચારી આગેવાન વિષ્ણુ પટેલને નિવૃત્તિના તમામ લાભો આપવા હાઈકોર્ટે આદેશ કર્યો

ગાંધીનગર, તા.૯

સરકારી કર્મચારીને નિવૃત્તિના અંતિમ દિવસોમાં ખાતાકીય તપાસ ચાલુ બતાવી કર્મચારીને હેરાન કરવામાં આવે છે. નામદાર હાઈકોર્ટે અરજદાર વિષ્ણુભાઈ પટેલને નિવૃત્તિના તમામ લાભો આપવા રાજ્ય સરકારને આદેશ આપવામાં આવ્યા છે.

સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને અંતિમ દિવસોમાં ખુબ જ તકલીફોનો સામનો કરવો પડતો હોય છે. ખાતાકીય તપાસના બહાના હેઠળ કર્મચારીઓને ઉપરી અધિકારીઓ રીતસરનો પસીનો પડાવે છે. કર્મચારી મહામંડળના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલના નિવૃત્તિ બાદના અંતિમ લાભોથી વંચિત રાખવામાં આવ્યા હતા.પોતાના લાભો મેળવવા માટે વિષ્ણુભાઈએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા જેમાં નામદાર હાઈકોર્ટે અરજદાર વિષ્ણુભાઈ પટેલના નિવૃત્તિના બધા જ લાભો આપવા સરકારને આદેશ આપવામાં આવ્યો છે. અને તેમની સામે કોઈ જ પ્રકારની ખાતાકીય તપાસ નહિ કરવા આદેશ કર્યો છે.

તા. ૨૪-૪-૨૦૧૫ના રોજ નામદાર હાઈકોર્ટ સમક્ષ જવાબ રજૂ કરવા માટે નોટીસ પાઠવી છે નિવૃત્ત કર્મચારી વિષ્ણુભાઈએ સંબંધિત અધિકારી સામે તપાસ કરવાની માંગ કરી છે તેમજ આગામી સમયમાં કર્મચારી મહામંડળ બદનક્ષીનો કેસ પણ કરશે તેમ જણાવ્યું છે.

સરકારી કર્મચારીને તેમના નિવૃત્તિના અંતિમ દિવસોમાં ઉપરી અધિકારીઓ ખુબ જ પસીનો પડાવતા હોય છે. પોતાની પુરી કારકિર્દીમાં વફાદારીથી ફરજ બજાવી હોય અને નિવૃત્તિના છેલ્લા દિવસોમાં કલંક ન લાગે તેનું પણ કર્મચારીઓ ધ્યાન રાખતા હોય છે.પરંતુ ઈરાદાપૂર્વક પૂર્વાગ્રહ રાખી હેરાન કરવામાં આવે છે ત્યારે આ બાબતે સરકારે પણ વિચારવા જેવું ખરું!

## ગાંધીનગરના આંગણે હેમુવરણી સાંજ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

શ્રી હેમુ ગઢવીની સર્જન યાત્રાને સમર્પિત ગુજરાતની લોક સંસ્કૃતિને ઉજાગર કરતો બહુપરિમાણિય કાર્યક્રમ 'હેમુ વરણી સાંજ' પાટનગરના આંગણે યોજાશે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, શ્રી હેમુ ગઢવી સ્મૃતિ સંસ્થા અને સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા હેમુ ગઢવી સ્વર્ણિમ સ્મૃતિપર્વની ઉજવણી નિમિત્તે હેમુ વરણી સાંજ કાર્યક્રમ યોજશે. આગામી ૧૧ એપ્રિલ શનિવાર રાત્રે ૮-૦૦ વાગે હોટલ પથિકાશ્રમ સ્થિત પાર્ટી પ્લોટ ખાતે યોજાશે.

# જીટીયુના આગામી કુલપતિને લઈ અટકળોનો દોર શરૂ થયો

અમદાવાદ, તા.૯

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સ્થાપનાથી અત્યાર સુધી કુલપતીનો આજે અક્ષય અગ્રવાલને સોપવામાં આવેલ છે જો કે અગામી દિવસોમાં નરેન્દ્ર મોદીનું ગુડલુકમાં સ્થાન ધરાવતા અક્ષય અગ્રવાલને વડાપ્રધાનની એડવાઈઝરી કમિટીમાં સ્થાન આપવામાં તેવી શક્યતા છે.જેના પગલે જીટીયુના નવા કુલપતી બનવા માટે ગુજરાત યુનિવર્સિટીના વર્તમાન કુલપતી એમ.એન.પટેલનું નામ મોખરે માનવામાં આવ્યું રહ્યું છે.

પ્રાપ્ત થતી માહીતી મુજબ નિયમોમાં ફેરફાર કરીને પણ બે વખત એક્સ્ટેન્સન મેળવી ચુકેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતી અક્ષય અગ્રવાલની ટર્મ આગામી જૂન મહીનામાં પૂર્ણ થઈ રહી છે. ત્યારે નરેન્દ્ર મોદીના અત્યંત નિકટના ગણાતા અક્ષય અગ્રવાલની નિમણૂક જુલાઈ મહીનાથી વડાપ્રધાનની એડવાઈઝરી કમિટીમાં કરવામાં આવે તેવી અટકતો લગાવવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતીના ઉમેદવારને લઈ અત્યારથી અટકળો તેજ બની ગઈ છે. જીટીયુના નવા કુલપતી બનવાની રેશમાં ગુજરાત યુનિવર્સિટીના વર્તમાન કુલપતી એમ.એન.પટેલનું નામ મોખરે મનાઈ રહ્યું છે. એમ.એન.પટેલ અગાઉ એલ.ડી.એન્જિન્યરીંગ કોલેજના આચાર્ય અને ટેકનીકલ અભ્યાસક્રમ પ્રવેશ સમિતીના મેમ્બર સેક્રેટરી તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૨૧ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

બાજા બજા દેગે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ડ્રેગન બ્લેક : ૪.૧૫

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૧૧.૦૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪ :**

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

**સ્ક્રીન-૫ :**

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦, ૧૦.૦૦

હંટર : ૪.૪૫

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. વાળંદ જશોદાબેન કાન્તીલાલ (ઉ.વ.૬૫) એમ-૫/૫૨, એમ.આઈ.જી. સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. ગૌતમભાઈ રુપાભાઈ પટેલ (ઉ.વ.૫૬) પ્લોટ નં. ૧૨૯૬/૧, સેકટર-૪સી, ગાંધીનગર